# ગામની ધાર્મિક સંસ્થાઓ-૧

જયંતીભાઈ પટેલ અને ધીરુભાઈ સી. પટેલ



## રામજી મંદિર

જૂના રામજી મંદિરમાં આવેલું શીવાલય શ્રી ચીમનભાઈ દાદુભાઈ દેસાઈના પૂર્વજોએ બંધાવેલું પછી શ્રી ચીમનભાઈ દેસાઈએ તેની નજીક ઠાકોરજીનું ગર્ભગૃહ બંધાવી આપેલું.

આજથી લગભગ વીસ વર્ષ પહેલાં રામજીનું શિખરબંધી મંદિર બનાવવામાં આવ્યું. આ આખું મંદિર સોમપુરા સલાટને રોકી પથ્થરનું બનાવવામાં આવ્યું છે. તેમાં રામ, લક્ષ્મણ, સીતાજી અને હનુમાનજીની મૂર્તિઓ પધરાવી વિધિસર પ્રાણપ્રષ્ઠિા કરવામાં આવી છે.

આ નવનિર્માણમાં નીચે મુજબનાં મુખ્ય દાન મળેલાં છે.

| | |
|---|---|
| ૩૫,૧૧૧-૦૦ | શ્રીમતિ ચંચળબેન ભાઈલાલભાઈ પટેલના નામનું પ્રવેશદ્વાર બનાવવા માટે તેમના દીકરાઓ વિરેન્દ્રભાઈ તથા ઘનશ્યામભાઈ તરફથી. |
| ૧૦,૦૦૧-૦૦ | બાકરોલના હનુમાનભક્તો તરફથી |
| ૧૦,૦૦૧-૦૦ | શ્રી જેઠાભાઈ શનાભાઈ પટેલ તરફથી. |
| ૧૦,૦૦૦-૦૦ | શ્રી રામભાઈ ભાઈલાલભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી. |

૭,૫૦૧-૦૦ બાકરોલના હનુમાનભકતો તરફથી.

૭૫૦૦-૦૦ મિસ્ત્રી અંબાલાલ શીવાભાઈ તરફથી.

૬,૦૦૦-૦૦ શ્રી રાવજીભાઈ શનાભાઈ પટેલ તરફથી.

૫,૧૫૧-૦૦ શ્રી મોતીભાઈ ભાઈજીભાઈ પટેલ તરફથી.

૫,૦૦૧-૦૦ શ્રી અંબાલાલ કાડીભાઈ પટેલ તરફથી.

૫,૦૦૧-૦૦ શ્રી રણછોડભાઈ ઝવેરભાઈ પટેલ, સંદેસર તરફથી.

૫,૦૦૧-૦૦ શ્રીમતિ મીનાબેન હર્ષદરાય દેસાઈ તરફથી.

૫,૦૦૧-૦૦ શ્રી કાન્તિભાઈ મણિભાઈ પટેલ તરફથી.

૫,૦૦૧-૦૦ શ્રી ચતુરભાઈ ફૂલાભાઈ પટેલ તરફથી.

૩,૨૫૦-૦૦ શ્રી ડાહ્યાભાઈ ફૂલાભાઈ પટેલ તરફથી.

૧,૫૦૧-૦૦ શ્રી મણિભાઈ શનાભાઈ પટેલ તરફથી.

૧,૫૦૧-૦૦ શ્રી શંકરભાઈ લલ્લુભાઈ પટેલ તરફથી.

આ ઉપરાંત ૪૨ દાતાઓ તરફથી ૧,૦૦૦-૦૦ લેખે અને

૩૨૫-૦૦ લેખે ૨૦૦ દાતાઓ પાસેથી રોજના આરતી પ્રસાદ માટે દાનમાં મળ્યા છે જેની કાયમી થાપણ કરી તેના વ્યાજમાંતી યોગ્ય વ્યય કરવામાં આવે છે.

રામજી મંદિરમાં દર વર્ષે જન્માષ્ટમી, તુલસી વિવાહ તથા અન્નકૂટ જેવા ધાર્મિક ઉત્સવો નિયમિત ઉજવાય છે. તથા શ્રાવણ માસમાં હિંડોળા પણ ભરવામાં આવે છે.

# શ્રી નટવરલાલજીનું હવેલી મંદિર

આ મંદિર ઘણું પુરાણું હતું. આમાં ખાસ કરીને ગામનાં બહેનો તથા મોઢ વણિક વૈષ્ણવ ભક્તો દર્શન તથા ઉત્સવોની ઉજવણીમા ખાસ લેતા હતા. સ્થાપનનાં વરસોમાં આ મંદિરના નિભાવ માટે ગામના શ્રધ્ધાળુ વૈષ્ણવો તરફથી મંદિરને દાનમાં મળેલી હતી પણ કાળક્રમે સરકારના કાયદાનો લાભ લઈ તેના કેટલાક ખેડૂતોએ આ જમીનો પચાવી પાડી હતી તો બાકી રહેલી જમીનો કોઈ પચાવી ન પાડે અ માટે ટ્રસ્ટીઓએ આગમચેતી વાપરી વેચી દીધી હતી અને તેના ઉપજેલા પૈસાનું બેંકમાં રોકાણ કરી તેની આવકમાંથી મંદિરનો નિભાવ થાય એવી વ્યવસ્થા ગોઠવી હતી.

આ મંદિરમાં રોજ નિયમિત પૂજા આરતી થાય છે. ધાર્મિક નિયમ પ્રમાણે દર્શન માટેના નક્કી સમયે મંદિર ખોલવા તથા બંધ કરવામાં આવે છે. મદિરમા દર વરસે કૃષ્ણજન્મની ઉજવણી જન્માષ્ટમીની રાતે ધામધૂમ પૂર્વક કરવામાં આવે છે. ઠાકોરજીને માખણ મિસી તથા સખડીનો ભોગ ધરાવવામાં આવે છે.આ ઉપરાંત હિંડોળા તતા અન્નકૂટ પણ ભરવામાં આવે છે.

મંદિરનું મકાન સારી હાલતમાં હતું પણ ભક્તોને એનાથી સંતોષ ન થતાં સન ૨૦૦૫માં તેને સંપૂર્ણ તોડીનાખી તેને સ્થાને નવું મંદિર લગભગ રૂપિયા ત્રીસ લાખને ખર્ચે બાંધવાની યોજના કરી છે. અને તેનું બાંધકામ શરૂ પણ થઈ ગયું છે. નીચેની તસ્વીરમાં મંદિરની ખાલી કરેલી જગ્યા જણાય છે. આ લખાય છે ત્યારે મંદિરનું બાધકામ લગભગ પ્લીન્થ લેવલે પહોંચી પણ ગયું છે.

આ સમય દરમિયાન આરતી, પૂજા, દર્શન માટે ઠાકોરજીની પધરામણી શ્રી મણિભાઈ શનાભાઈ પટેલના જૂના મકાનમાં કરવામાં આવી છે.



આ નવનિર્માણ માટે નીચે જણાવ્યા મુજબનાં દાન મળ્યાં છે.

| | |
|---|---|
| ૨,૨૬,૦૦૦ | જૂના મંદિરના કાટમાળની ઉપજ |
| ૨,૩૭,૦૦૦ | ચંદુભાઈ ડાહ્યાભાઈ કલ્યાણભાઈ પટેલ |
| ૧,૫૦,૦૦૦ | શિરીષભાઈ ખોડાભાઈ પટેલ |
| ૧,૦૦,૦૦૦ | શ્રી જયંતીભાઈ ડાહ્યાભાઈ ચુનીભાઈ પટેલ |
| ૧,૦૦,૦૦૦ | શ્રી ડાહ્યાભાઈ કાશીભાઈ પટેલ |
| ૧,૦૦,૦૦૦ | શ્રી મણિભાઈ ત્રિભોવનદાસ પટેલ |
| ૧,૦૦,૦૦૦ | શ્રી રાવજીભાઈ પરસોત્તમદાસ પટેલ (વસોવાળા) |
| ૧,૦૦,૦૦૦ | શ્રી મણિભાઈ શનાભાઈ પટેલ (હા. ચંદ્રકાન્તભાઈ, દિલીપભાઈ, હરીશભાઈ, જગદીશભાઈ) |
| ૧,૦૦,૦૦૦ | પ્રો. જે. ડી. પટેલ |
| ૧,૦૦,૦૦૦ | શ્રી ભીખુભાઈ કાળીદાસ પટેલ |
| ૧,૦૦,૦૦૦ | શ્રી પરસોત્તમદાસ રણછોડભાઈ પટેલ (હા. રમેશભાઈ,પ્રકાશભાઈ |
| ૧,૦૦,૦૦૦ | શ્રી રમણભાઈ ડાહ્યાભાઈ પટેલ (હા. સવિતાબેન) |
| ૧,૦૦,૦૦૦ | શ્રી છોટાભાઈ લલ્લુભાઈ પટેલ (હા. શાન્તાબેન, ડભાણ) |
| ૧,૦૦,૦૦૦ | શ્રી ઘનશ્યામભાઈ ભાઈલાલભાઈ ઈશ્વરભાઈ પટેલ |
| ૧,૦૦,૦૦૦ | શ્રી વિનોદભાઈ ભાઈલાલભાઈ મણિભાઈ પટેલ |
| ૧,૦૦,૦૦૦ | શ્રી વિનુભાઈ પરસોત્તમદાસ પટેલ (હા. રાજેનભાઈ) |
| ૧,૦૦,૦૦૦ | શ્રી મહેન્દ્રભાઈ સોમાભાઈ ભાઈજીભાઈ પટેલ (હા. રાજુભાઈ) |
| ૧,૦૦,૦૦૦ | શ્રીમતિ મણિબેન અંબાલાલ રણછોડભાઈ પટેલ (હા. ચંદુભાઈ) |
| ૧,૦૦,૦૦૦ | શ્રી નિતીનભાઈ કાન્તિભાઈ પટેલ |
| ૫૧,૦૦૦ | શ્રી ગોરધનભાઈ સોમાભાઈ પટેલ (હા. યોગેશભાઈ) |
| ૫૧,૦૦૦ | શ્રીમતિ કાશીબેન જશભાઈ પટેલ (હા. રવીન્દ્રભાઈ, નિકેશભાઈ) |
| ૫૧,૦૦૦ | શ્રી રાવજીભાઈ શનાભાઈ હીરાભાઈ પટેલ |
| ૫૧,૦૦૦ | શ્રી દાદુભાઈ પરસોત્તમભાઈ શનાભાઈ પટેલ |
| ૫૧,૦૦૦ | શ્રી જશભાઈ જેઠાભાઈ શનાભાઈ પટેલ |
| ૫૧,૦૦૦ | શ્રી રતિલાલ અંબાલાલ જેસંગભાઈ પટેલ તથા શ્રી કિરીટભાઈ જશભાઈ પટેલ |
| ૫૧,૦૦૦ | શ્રી સૂર્યકાન્તભાઈ ભાઈલાલભાઈ પરસોત્તમભાઈ પટેલ |
| ૫૧,૦૦૦ | શ્રી મહેન્દ્રભાઈ વર્મા - ભારત ટાયર્સવાળા. |
| ૫૧,૦૦૦ | શ્રીમતિ કાન્તાબેન ભગવાનભાઈ પટેલ |
| ૫૧,૦૦૦ | શ્રી ભગવાનભાઈ અંબાલાલ પટેલ |
| ૫૧,૦૦૦ | શ્રી રજનીભાઈ શનાભાઈ તથા હેમલતાબેન (લંડન) |
| ૫૧,૦૦૦ | શ્રીમતિ જયશ્રીબેન સુરેશભાઈ શનાભાઈ મણિભાઈ પટેલ |

| | |
|---|---|
| ૫૦,૦૦૦ | શ્રી બચુભાઈ - ભૂતપૂર્વ મુખ્યા |
| ૨૫,૦૦૦ | શ્રી ભાનુભાઈ ચુનીભાઈ પટેલ |
| ૨૫,૦૦૦ | શ્રીમતિ કમળાબેન મણિભાઈ ફકીરભાઈ પટેલ - ચકલાસી શ્ર |
| ૨૫,૦૦૦ | શ્રી છોટાભાઈ તથા ડાહીબેન બેચરભાઈના સ્મરણાર્થે (હા. કનુભાઈ ડી. પટેલ) |
| ૨૫,૦૦૦ | શ્રી જશભાઈ મગનભાઈ પટેલ (મીલસેન્ટ ઘંટીવાળા) |
| ૨૫,૦૦૦ | શ્રી અમિતભાઈ (શ્રી મગનભાઈ તળસીભાઈ પટેલના ભાણા) |
| ૨૫,૦૦૦ | શ્રીમતિ શારદાબેન સુમનભાઈ હરમાનભાઈ પટેલ |
| ૨૫,૦૦૦ | શ્રીમતિ ચંચળબેન ભાઈલાલભાઈ મણિભાઈ પટેલ |
| ૨૫,૦૦૦ | શ્રી શાંતિલાલ ભાઈલાલભાઈ પટેલ |
| ૨૧,૧૧૧ | શ્રીમતિ ડાહીબેન શીવાભાઈના સ્મરણાર્થે શ્રીમતિ મણિબેન જશભાઈ પટેલ, શ્રીમતિ રીટાભાઈ બંસીભાઈ પટેલ,<br>શ્રીમતિ રાગિણીબેન રમેશભાઈ પટેલ. |
| ૧૧,૧૧૧ | શ્રી ધીરુભાઈ ચુનીભાઈ પટેલ |
| ૧૧,૧૧૧ | શ્રી સુરેશભાઈ ત્રિભોવનદાસ પટેલ |
| ૧૧,૦૦૦ | શ્રીમતિ શારદાબેન રાવજીભાઈ મોતીભાઈ ફૂલાભાઈ પટેલ |
| ૧૧,૦૦૦ | મોનાર્કી કલબ, બાકરોલ (હા. ભાવેશભાઈ) |
| ૧૧,૦૦૦ | શ્રી બાબુભાઈ ચતુરભાઈ કાળીદાસ પટેલ |
| ૧૧,૦૦૦ | શ્રી વિપીનભાઈ ચુનીભાઈ પટેલ |
| ૧૧,૦૦૦ | શ્રી કનુભાઈ ડાહ્યાભાઈ પટેલ |
| ૫,૧૧૧ | શ્રી ચંદ્રકન્ત ચુનીભાઈ પટેલ |
| ૫,૧૧૧ | શ્રી અરુણભાઈ છોટાભાઈ પટેલ |
| ૫,૦૦૧ | શ્રીમતિ કાન્તાબેન ઈંદુભાઈ પટેલ |
| ૫,૦૦૧ | શ્રી ભોગીલાલ શાંતિલાલ શાહ |
| ૫,૦૦૧ | સ્વ. શ્રીમતિ શાન્તાબેન રાવજીભાઈ પટેલ |
| ૫,૦૦૦ | શ્રી ભુપેન્દ્રભાઈ વલ્લવભાઈ પટેલ |
| ૫,૦૦૦ | શ્રી ઠાકોરભાઈ રાવજીભાઈ પટેલ |
| ૫,૦૦૦ | શ્રી કાન્તિભાઈ ચુનીભાઈ પટેલ |
| ૫,૦૦૦ | શ્રી મનહરભાઈ જશભાઈ પટેલ |
| ૫,૦૦૦ | શ્રી અંબાલાલ બેચરભાઈ પટેલ |

# બાલા હનુમાનજીનું મંદિર

માહિતી : રતિલાલ પટેલ

આશરે ૧૦૦ વરસ પહેલાં બાકરોલ ગામની મધ્યમા ચોરા પાસે શીવલાલ નાથાભાઈ શેઠ રહેતા હતા. તેમને વાણિયાવાળા કુવાની કૂંડીમાંથી એક નાનો પથ્થરનો ટુકડો મળેલો. એના પર ઘસાઈ ગયેલી કોતરણી હોય એમ લાગતાં એમણે એ પથ્થર ગામના શ્રી પરસોત્તમદાસ ઈશ્વરભાઈ જોષીને બતાવતાં તેમણે તે હનુમાનજીની મૂર્તિ હોવાનું જણાવેલું. એટલે શીબલાલ શેઠે પોતાના ઘરની બહાર જતા કંદોઈનો લીમડો હતો અને એ લીમડાની ચારે તરફ પાકો ચોતરો હતો ત્યાં લીમડાના તડને ટેકવીને મૂકી દીધો.

ત્યારબાદ ગામના કેટલાક ભક્તોએ હનુમાનજીનું એક રૂપાળું મંદિર બનાવી મૂર્તિની તેમા પ્રતિષ્ઠા કરી અને તેની રોકડિયા હનુમાન તરીકે પૂજા કરવા માંડી. આ હનુમાનજીની પૂજા વરસો સુધી વડીલ શ્રી ચુનીભાઈ ચતુરભાઈ કરતા હતા. ત્યારબાદ ઘણા લાંબા સમય પછી ૧૯૭૯માં એ ચોતરા પર બેસતા માજી સરપચ શ્રી રામભાઈ મણિભાઈ પટેલના મનમાં આ મંદિરના નવનિર્માનનો વિચાર આવ્યો.



પછી તો વાતને જાણે પગ આવ્યા. મંદિરના નિર્માણ માટે ફાળો એકત્ર થવા માડ્યો. સૌ પ્રથમ શ્રી રામભાઈએ રૂપિયા ૧૦૧ અ ફાળામાં આપ્યા. પછી ઘણા દાતઓએ પ્રેમથી એમાં પોતાનો ફાળો આપવા માડ્યો.અને સન ૧૯૭૭માં તે વખતના સરપંચ શ્રી અંબાલાલ કાશીભાઈ પટેલે ઘણો રસ લીધો. અને શ્રી હનુમાનજીની અઢી ફૂટની ઊંચાઈની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા આખા ગામમાં વરઘોડો ફેરવીને વાજતે ગાજતે વિધિ પૂર્વક કરી. આ વખતે નક્ષત્ર અને રાશિની શાસ્ત્રોકત ગણત્રી પ્રમાણે આ હનુમાનજીનું નામ બાલા હનુમાન રાખવામાં આવ્યું.

આ મંદિરના નિર્માણ તથા તેના પૂજારીના નિવાસસ્થાન માટે નીચે પ્રમાણે મુખ્ય દાન મળ્યાં છે.

| | |
|---|---|
| ૫,૦૦૧-૦૦ | શ્રી બિપનિભાઈના સ્મરણાર્થે તેમના પિતાશ્રી નારણભાઈ ભીખાભાઈ પટેલ તરફથી |
| ૫,૦૦૧-૦૦ | શ્રી ગોરધનભાઈ મોતીભાઈ પટેલના સ્મરણાર્થે રજનીકાન્ત બાબુભાઈ પટેલ, શ્રી વિનોદભાઈ ચતુરભાઈ પટેલ |
| ૫,૦૦૦-૦૦ | શ્રી જયંતીભાઈ ડાહ્યાભાઈ બીન ચુનીભાઈ પટેલ તરફથી |
| ૩,૫૦૧-૦૦ | શ્રી મોતીભાઈ ભાઈજીભાઈ પટેલ |
| ૩,૦૫૧-૦૦ | શ્રી મણિભાઈ શનાભાઈ પટેલ |
| ૨,૭૦૧-૦૦ | શ્રી ચીમનભાઈ દાદુભાઈ દેસાઈ |
| ૧,૫૦૧-૦૦ | શ્રી ડાહ્યાભાઈ કાશીભાઈ પટેલ |
| ૧,૦૦૧-૦૦ | શ્રી ડાહ્યાભાઈ ફૂલાભાઈ પટેલ |
| ૫૦૧-૦૦ | શ્રી મોતીભાઈ ફૂલાભાઈ પટેલ |
| ૫૦૧-૦૦ | શ્રીમતિ અરુણાબેન કમલકાન્ત પટેલ |
| ૫૦૧-૦૦ | શ્રી મણિભાઈ તળસીભાઈ પટેલ |
| ૫૦૧-૦૦ | શ્રી રાવજીભાઈ અંબાલાલ પટેલ |
| ૫૦૧-૦૦ | શ્રી હરમાનભાઈ ભટ્ટાભાઈ પટેલ |
| ૫૦૧-૦૦ | શ્રી રણછોડભાઈ શંકરભાઈ પટેલ |
| ૫૦૧-૦૦ | શ્રી ચુનીભાઈ ચતુરભાઈ બીન કિશોરભાઈ પટેલ |
| ૫૦૧-૦૦ | શ્રી વિનુભાઈ પરસોત્તમદાસ પટેલ |
| ૫૦૧-૦૦ | શ્રીમતિ ઝવેરબેન સોમાભાઈ શંકરભાઈ પટેલ |
| ૫૦૧-૦૦ | શ્રી જશભાઈ પરસોત્તમદાસ પટેલ (વસોવાળા) |
| ૫૦૧-૦૦ | શ્રી ભાઈલાલભાઈ ઈશ્વરભાઈના સ્મરણાર્થે તેમના દીકરાઓ તરફથી |
| ૫૦૧-૦૦ | શ્રી પરસોત્તમદાસ આશાભાઈના સ્મરણાર્થે તેમના દીકરાઓ તરફથી. |
| ૫૦૧-૦૦ | શ્રી મોતીભાઈ નાગરભાઈના સ્મરણાર્થે તેમના દીકરાઓ તરફથી. |

# નીલકંઠેશ્વર મહાદેવ



સંવત ૧૮૪૦માં પટેલ કરસનદાસ વિઠ્ઠલદાસે આ મહાદેવ બંધાવેલું. ત્યાર બાદ એની દુરસ્તી માટે શ્રી અંબાલાલ મિસ્ત્રીએ આફ્રિકાથી ઉઘરાણું કરી ૨૭૦૧-૦૦ રૂપિયા સંવત ૨૦૦૪માં મોકલાવેલા. આમાં શ્રી ચીમનભાઈ દેસાએ દીવાળીબાના સ્મરણાર્થે રૂપિયા ૫૦૧-૦૦ અને શ્રી ઈશ્વરભાઈ અંબાલાલ પટેલે ૩૫૧-૦૦ રૂપિયા ઉમેરીને મહાદેવની દુરસ્તી કરાવેલી.

મહાદેવ મંદિરની દુરસ્તી માટે ઝવેરબેન સોમાભાઈ પટેલના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી રૂપિયા ૫૫૫૧-૦૦ તથા બાબુભાઈ સોમાભાઈ પટેલના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી ૫૫૫૧-૦૦ રૂપિયાનાં દાન મળ્યાં છે.

રૂપિયા ૧૦,૦૦૦-૦૦ શ્રી જયંતીભાઈ ડાહ્યાભાઈ ચુનીભાઈ પટેલ તરફથી પરચુરણ કામો માટે મળેલા છે.

પછી સન ૨૦૦૦માં શ્રી હરમાનભાઈ ભટ્ટાભાઈના સ્મરણાર્થે તેમના દીકરા શ્રી જશભાઈ, શ્રી કાન્તિભાઈ,શ્રી મનહરભાઈ તથા શ્રી જગદીશભાઈએ રૂપિયા ૧,૧૧,૧૧૧-૦૦ મહાદેવના મંદિરની નવરચના માટે આપેલા. આને કારણે મંદિરમાં ઘણા બધા ફેરફાર કરવામાં આવ્યા.

આ મહાદેવમાં પવિત્ર શ્રાવણ માસમાં યોગ્ય બ્રાહ્મણો પાસે મંત્રોચ્ચાર સાથે બિલીપત્ર ચઢાવવામાં આવે છે અને શ્રાવણ માસ પૂરો થતાં આ બ્રાહ્મણ (પાર્થેશ્વર)ને ઉઠાડી તેમને યોગ્ય દક્ષિણા આપવામાં આવે છે. આ ઉઠાડવાની વિધિ દર વરસે કોઈ એક દાતા તરફથી થાય છે.

આ સિવાય શીવરાત્રીને દિવસે પાલખીમાં શીવજીનો ભવ્ય વરઘોડો કાઢવામાં આવે છે. આ વખતે ભાવિક ભક્તો તરફથી પોતાને ઘેર શીવજીની પધરામણી પણ કરવામાં આવે છે.

# શ્રી અંબાજી મંદિર



આ મંદિરની મુર્તિપ્રતિષ્ઠા શ્રી દશરથભાઈ પુરુષોત્તમદાસ પટેલ તથા શ્રી ચીમનભાઈ દાદુભાઈ દેસાઈએ તા. ૧૦-૧૦-૭૪ના રોજ કરી હતી.

પછી શ્રી હરમાનભાઈ લલ્લુભાઈ પટેલના સ્મરણાર્થે તેમના દીકરા શ્રી રાવજીભાઈએ ૫૦૦૧-૦૦ રૂપિયા દાનમાં આપ્યા છે.

અને ૫૦૦૧-૦૦ રૂપિયા શ્રીમતિ કાશીબાના સ્મરણાર્થે ચુનીભાઈ ચતુરભાઈ પટેલના પરિવાર તરફથી દાન માં આપ્યા છે.

# શ્રી ગાયત્રી પીઠ



ગાયત્રી માતાના ભકતો તરફથી મહાદેવજીના મંદિર સામે એક નાનકડા ગાયત્રી પીઠની દહેરી બનાવવામાં આવી છે.

# શ્રી પ્રગટ પુરુષોત્તમ સ્વામિનારાયણ  મંદિર



આ સંપ્રદાયના આદ્યપુરુષ પ્રગટ પુરુષોત્તમ મહારાજ મૂળ બાકરોલ ગામના હતા. નિર્વાહ માટે અમદાવાદ જઈ એમણે નાનપણથી મજૂરી શરૂ કરી હતી. પણ મૂળેથી જ ધર્મ પ્રત્યેના એમના લગાવને કારણે એમણે ભકિતમાં જ મન પરોવ્યું. પછી લોકોને એમનામાં ભગવાનના અંશ જણાતાં લોકોએ તેમની પૂજા કરવા માંડી. અને જોતજોતામાં એમના હજારો ભકતો થઈ ગયા.

પછી તેમણે બાકરોલમાં જમીન વેચાતી લઈ મંદિરની રચના કરી. ગામલોકોએ એમને મફત જમીન આપવા તૈયારી બતાવી પણ એમણે જમીન વેચાતી લેવાનો જ આગ્રહ રાખ્યો. છતાં ગામે એમને સસ્તા ભાવે જ જમીન આપી અને મંદિર પર ટાવર બનાવવા એમને વિનંતિ કરી જે એમણે સહર્ષ સ્વીકારી લીધી.

આ મંદિરમાં પૂજન કીર્તન તથા સમૈયા માટે મોટો હોલ બનાવવામાં આવ્યો છે. કેટલાક સમય પછી એમનો દેહવિલય થતાં તેમના ભક્તોએ એમાં એક શિખરબંધી મંદિર બનાવી તેમાં શ્રી પ્રગટ પુરુષોત્તમ ડાહ્યાભાઈ ભગવાનની પૂરા કદની મૂર્તિની વિધિવત પ્રાણપ્રતિષ્ઠા કરી છે.

આજે પણ તેમના હજારો ભક્તો એમને ભગવાન માનીને એમની પૂજા અર્ચના કરે છે. દિવાળીના સમૈયામાં તેમના હજારો ભક્તો બાકરોલ તેમનાં દર્શને આવે છે.

હાલ આ મંદિરની સેવા, પૂજા તથા જાળવણી અને વહીવટી કામકાજ ભક્ત શ્રી શનાભાઈ સોખડાવાળા, શ્રી ડાહ્યાભાઈ મહારાજનાં દીકરી તથા તેમના ભત્રિજા સંભાળે છે.

ગામના ભાવિક ભક્તો પણ સવાર-સાંજ આરતીમાં જાય છે ને દર્શનનો લાભ લે છે.

# બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર



આ મંદિરના નિર્માણ માટે શરૂમાં શ્રી શનાભાઈ મણિભાઈ પટેલ તરફથી જમીન આપવાની વાત થયેલી. પછી એમને એ જમીનના બદલામાં બીજી જમીન વેચાતી મેળવી આપવાનું સંસ્થાએ વિચાર્યું અને એ પ્રમાણે શ્રી કાળીદાસ મનોરભાઈએ શનાભાઈને જમીન આપી ને મંદિરનું કામ આગળ ચાલ્યું.

શ્રી બાબરભાઈ મનોરભાઈ પટેલના પરિવાર (લંડન) તરફથી રૂપિયા ૫૧,૦૦૦નું દાન મળ્યું. આ ઉપરાંત અન્ય દાનો પણ મળતાં મંદિરનું કામ ઝડપથી ચાલવા લાગ્યું. અન્ય દાન નીચે મુજબ મળ્યાં.

| | |
|---|---|
| ૨૦,૦૦૦-૦૦ | શ્રી રામભાઈ મોતીભાઈ પટેલ પરિવાર |
| ૧૦,૦૦૦-૦૦ | શ્રીમતિ કાશીબેન ચુનીભાઈ પટેલ ઉપરાંત |
| | શ્રી મગનભાઈ જેઠાભાઈ પટેલ |
| | શ્રી પરસોત્તમદાસ રણછોડભાઈ પટેલ |
| | બાકરોલ ગામ સત્સંગ મંડળ |

તથા બીજાં નાનાં મોટાં દાન પણ મળ્યાં એટલે મંદિરનું કામ ઝડપથી પૂરું થયું.

મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા પરમપૂજ્ય પ્રમખ સ્વામિ મહારાજને હસ્તે તા. ૮-૨-૮૮ના રોજ કરવામાં આવી.

દરવરસે આ મંદિરનો પાટોત્સવ ઉજવાય છે અને અન્નકુટ તથા અન્ય તહેવારોના સમૈયા પણ થાય છે.

## મંદિરમાં યુવક મંડળની પ્રવૃત્તિઓ

૧. દર ગુરુવારે રાત્રે ૮-૦૦ વાગ્યે યુવકસભા.

૨. દર રવિવારે સવારના ૮-૩૦ વાગ્યે બાળસભા.

૩. દર રવિવારે સવારે ૧૦-૦૦ વાગ્યે બાલિકાસભા.

૪. દર રવિવારે સાંજે ૮-૦૦ વાગ્યે કિશોરસભા.

૫. દર ગુરુવારે બપોરે ૨-૩૦ વાગ્યે યુવતીસભા

૬. દર વરસે જન્માષ્ટમીની રાતે સાંસ્કૃતિક કાર્યક્રમ.

૭. દર અગિયારસને દિવસે અખંડ ધૂન.

૮. વ્યસન મુક્તિના અભિયાનના ભાગરૂપે દર મહિને કાર્યક્રમ.

અનુક્રમ⇒

# શ્રી બળિયાદેવ મંદિર



આ મંદિર ઘણું પૂરાણું હતું અને લોકો અહીં બાધા આખડી કરતા અને દીવો નારિયેળ કરતા. પછી જ્યારે અંબાજી માતાનું મંદિર બનાવવામાં આવ્યું ત્યારે બળિયાદેવનું નાનકડું મઝાનું દહેરું પણ બનાવવામાં આવ્યું છે.